# કર્મવાદની સામાન્ય રૂપરેખા

☐ લેખક : **શ્રી ખુબચંદ કેશવલાલ પારેખ** (વાવ, બનાસકાંઠા)

**મા**ત્ર માનવની જ નહીં પરંતુ જીવમાત્રની દરેક પ્રવૃત્તિના મૂળમાં સુખ કે પ્રસન્નતાની પ્રાપ્તિની જ ભાવના રહેલી હોય છે એ નિર્વિવાદ સત્ય છે. પ્રત્યેક જીવ, આ પ્રકારની પ્રવૃત્તિ પોતાની પરિણતીની આધારશીલા પર સ્વ- ક્ષયોપશમના સહારાથી કરે છે. આવી પ્રવૃત્તિ અને પરિણતી જેટલી 'યથાવત્' સ્વરૂપે સમજવી જરૂરી છે એનાં કરતાં પણ વધુ સ્પષ્ટ રીતે આવી પ્રવૃત્તિ તથા પરિણતીના ઉદ્ભવ, ઉદય, પ્રભાવ તથા પરિણામોની પરંપરાના મૂળ કારણરૂપ સ્વોપાર્જીત કર્મ તથા અન્ય કર્મના સિદ્ધાંતને સર્વાંગીણ રૂપે સમજવો જરૂરી છે. કર્મવાદની સર્વાંગીણ સમજથી દરેક મનુષ્ય પોતાના વ્યવહારિક, ધાર્મિક અને આધ્યાત્મિક જીવનમાં-વ્યવહારમાં શાંતિ-પ્રસન્નતા અને મૈત્રીનો મધુર આનંદ અનુભવવા સમર્થ બને છે. આટલું જ નહીં પણ આવી સાચી સમજણથી, સમતાભાવની જાગૃતિથી સાંસારિક અને આત્મસાધનાની પ્રવૃત્તિમાં સંવાદિતાની સમતુલા પ્રાપ્ત થાય છે. આ સમતુલા, આત્માના કર્મ સાથેના સંબંધોથી પેદા થતી પ્રવૃત્તિ અને પરિણામોની સાચી સમજણ માટેની સારાસારની વિવેકબુદ્ધી તથા ક્ષમતાનું સર્જન કરે છે.

આજનો માનવ પૃથ્વીનું પરિભ્રમણ કરનાર સ્થળચર જ નથી રહ્યો; પરંતુ વિજ્ઞાને કરેલી યાંત્રિક શોધોના પરિણામરૂપ ભૌતિક સાધનોની સહાયથી 'આધુનિક' વર્તમાન યુગનો માનવ, સાગરના પેટાળના અતલ ઊંડાણમાં જઈને પણ, ધરતી પરના, સર્વ સાધનયુક્ત મહેલોમાં જે મોજમજા માણે છે તેવી જ, મોજ અને આનંદ માણી શકે છે. આજનો માનવ ધરતી પર રહીને જે રીતે અનેક પ્રકારની ઉપભોગની સામગ્રીનો "આનંદ" લૂંટે છે એ જ રીતે અથવા એથી પણ અદકેરી ઉપભોગની સામગ્રીનો ઉપયોગ આકાશમાં ઉડતાં ઉડતાં પણ કરી શકે છે. આ બધી વિજ્ઞાનની દેન અને ભેટ છે. ગઈકાલે જે દિવાસ્વપ્ન લાગતાં હતાં તે આજની અનુભૂતિ બની ગઈ છે. આજે જે અવાસ્તવિક કલ્પનાઓ લાગે છે તે આવતી કાલે વાસ્તવિકતા નહીં બને એમ કહેવાની હિંમત કરવી કે કહેવું એ આજના સમયમાં સમુચિત નથી જ. આવી 'સુખદ' ભૌતિક સિદ્ધિઓનું શ્રેય આજના વિજ્ઞાનવાદ સિવાય બીજું કોઈ લઈ શકે તેમ નથી. આ વાસ્તવિકતા કોઈને ગમે કે ન ગમે પણ વાસ્તવિકતા એ વાસ્તવિકતા જ છે અને રહેશે એમાં શંકાને સ્થાન નથી.

આ નક્કર વાસ્તવિકતા સાથે એ પણ એટલી જ સત્ય હકીકત છે કે, આમ છતાં આજનું વિજ્ઞાન માનવને સુખ કે શાંતિનો અનુભવ કરાવવામાં તો શું પણ એનો આભાસ કે ઝાંખી કરાવવામાં પણ સરિયામ રીતે નિષ્ફળ નીવડયું છે.

આજના વિજ્ઞાને પ્રાપ્ત કરેલી અનેક સફળતાઓ અને સિદ્ધિઓ માનવ માત્રને આશ્ચર્યમૂઢ બનાવી દે તેવી હોવા છતાં વિજ્ઞાનનું ક્ષેત્ર ભૌતિક ઉપલબ્ધિઓ પૂરતું જ સિમિત રહ્યું છે. વિજ્ઞાનનું આ એકાંગીપણું માનવમાં રહેલા આત્માને કે આત્માના આલ્હાદને સ્પર્શી શકતું નથી જેના કારણે આવી અનેક સિદ્ધિઓ અને સફળતાઓ જીવને, માનવજગતને શાંતિ, શાશ્વત સુખ કે સ્વાશ્રયીપણું આપી શકતી નથી. વિજ્ઞાનની આ અક્ષમતામાં જ તેની નિષ્ફળતા અને પોકલતા (Hollowness) સમાયેલી છે.

સુખ અને શાંતિ સમતાયુક્ત ક્ષમતા દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે. આવી ક્ષમતા-સામર્થ્ય પ્રાપ્ત કરવા માટે સંસારમાં દરેક જીવને કર્મવાદની યથાર્થ સમજણ હોવી અનિવાર્ય છે. કર્મવાદની યથાર્થ સમજણ જ આત્મશાંતિનો માર્ગ પ્રશસ્ત કરી શકે તેમ છે આવી સમજણથી આત્મસંવાદિતા દ્વારા હરકોઈ વ્યકિત પોતાની જાત પ્રતિનું જ નહીં પણ સમાજ, રાષ્ટ્ર, વિશ્વ અને સમગ્ર જીવજગત પ્રતિનું તેનું ઉત્તરદાયિત્વ અદા કરવા શકિતમાન બને છે.

ભૌતિકવાદી દષ્ટિકોણથી જીવન વ્યતિત કરતો માનવ યા જીવ આત્માની અંદર રહેલી અનંતશકિતઓના સામર્થ્યને વિસરી જાય છે યા એનાથી અનભિજ્ઞ રહે છે જેના કારણે સ્વોપાર્જીત કર્મોથી તેના આત્માને આવરતા કર્મના સ્વરૂપ તથા બંધનોથી અજ્ઞાત રહી તેની ઉપેક્ષા કરે છે. આ ઉપેક્ષાના ફળસ્વરૂપ અજ્ઞાન અને મિથ્યા પ્રવૃત્તિની આવી પરિણતીવાળો જીવ ઈન્દ્રિયજન્ય અનુકૂળતાઓ અને સુખમાં જ પોતાની રમણતા અને ઉદ્યમ રાખે છે. સ્વચ્છંદતા અને સુખશીલતા એક જ સિક્કાની બે બાજુ છે. આવી પ્રવૃત્તિની સફળતાને પોતાના જીવનની સિદ્ધિ કે ઈતિશ્રી માની લે છે. આવી માન્યતા જીવને (માનવને) સ્વકેન્દ્રી (self-centered) બનાવે છે. આવું સ્વ-કેન્દ્રીપણું સ્વાર્થાભિમુખતા લાવે છે. સ્વાર્થાભિમુખતા માનવમાં રહેલી આ સત્-અસત્ની વિવેકબુદ્ધિને યથાર્થ રૂપે કાર્યાન્વિત થવા દેતી નથી. અયથાર્થતાની આવી આસકિતથી આત્માના શાશ્વત મૂલ્યોનો, નૈતિક તથા સામાજિક મૂલ્યોનો કયાં તો હ્રાસ થાય છે અથવા તો તેમાં અવાસ્તવિકતા આવે છે. અવાસ્તવિકતા અને હ્રાસ-ક્ષતિથી આત્માની પ્રવૃત્તિમાં 'સ્વ-સ્વરૂપ" પ્રતિની પ્રિતી તથા નિષ્ઠામાં નિર્બળતા-પરાશ્રયીપણાની વૃત્તિ આવે છે. આ પરાશ્રયીપણું પ્રત્યક્ષ વ્યવહારમાં અવ્યવસ્થાને આકાર આપે છે. જેના પરિણામે રાગ-દ્વેષ, કષાય અને કલેશની પરિણતી સાકાર થાય છે. ફળ સ્વરૂપે માનવ-માનવ વચ્ચેની મૈત્રીની શૃંખલા તૂટી જાય છે ને તેના સ્થાને અવિશ્વાસ અને વિષમવૃત્તિઓની વૃદ્ધિ થાય છે. આવી વિષમવૃત્તિઓનો પ્રભાવ એક વ્યકિત સુધી સીમિત નથી રહેતો પણ સમાજમાં વ્યાપે છે. જેના પરિણામે પારિવારિક, સામાજિક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય શાંતિ વિલુપ્ત થતી જાય છે. વૈયકિતક વિષમતાઓનું વિઘટન ન થતાં આ વિષમતાઓ કેવું વ્યાપક સ્વરૂપ ધારણ કરી વિનાશક પરિણામ લાવે છે તેનું આ સાક્ષાત્ ઉદાહરણ-પ્રમાણ છે.

આવી વિષમ વિકૃતિઓ આજના વિજ્ઞાનને પડકારતી ઊભી છે પણ આજ દિવસ સુધી વિજ્ઞાન આવી વિકૃતિઓ સામે લાચારી જ અનુભવી રહ્યું છે. આ નરાતલ સત્યનો ઈનકાર કરવાનું સામર્થ્ય કોઈ પણ વૈજ્ઞાનિકમાં નથી.

વિરાટને વામન બનાવતા વિજ્ઞાનમાં એવું તે શું ખૂટે છે કે જેના કારણે વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોમાં આવી અસમર્થતા આવે છે?

આનો જવાબ એક જ હોઈ શકે. આ જવાબ એ છે કે સર્વજ્ઞકથિત શાશ્વત સત્યોની ઉપેક્ષા અને અસત્ તત્ત્વોની ઉપાસના, ઉપયોગ તથા અશાશ્વત મૂલ્યો પ્રતિની અજ્ઞાનમૂલક આસ્થા, આત્મા અને આત્માની અનંતશકિતઓની અસ્વિકૃતિ.

આત્મા અને એની અનંતશકિતઓનું ભાન કરાવતાં કર્મવાદના અજ્ઞાનના કારણે આજનો માનવ-વિશ્વ અશાંત છે, ભૌતિક સુખોની પ્રચૂરતા હોવા છતાં તેમાં પણ ઊંડે ઊંડે દુ:ખનો અનુભવ થઈ રહ્યો છે.

ઈતિહાસ એવી અનેક હકીકતોનો સાક્ષી છે; એટલું જ નહીં પણ આપણે ખુદ આપણાં રોજ-બરોજના જીવનમાં એ વાતનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુભવ કરીએ છીએ કે સમર્થ વ્યકિત પાંગળી બને છે. લોકપ્રિયતાના શિખરે પહોંચેલી વ્યકિત, આંખ મીંચતાં અને ખોલતાં જેટલો સમય લાગે એટલા ટૂંકા સમયમાં અપ્રિય બની જાય છે. ધનવાન એક એક પૈસાની ભીખ માગતો જોવામાં આવે છે. વિદ્વાન-બુદ્ધિમાન મુર્ખ ભાસે છે. સાધુ સંસારી બને છે. સંસારી સાધુતાના ચરમ શીખર પર પહોંચી જાય છે. સત્તાનો શિકાર બનલો બંદીવાન, આપણી આંખ સામે સત્તાધીશ બને છે. આજે જે મિત્ર છે તે કાલે શત્રુ બને છે. શત્રુ મિત્ર બને છે. આવા આકસ્મિક આશ્ચર્યજનક અથવા તો પ્રયત્નથી સાધ્ય પરિણામોનું કારણ શું? બાહ્ય કારણો અનેક હોઈ શકે પણ મૂળ કારણ શું?

આ મૂળ કારણ જો કોઈ પણ હોય તો તે છે જીવના સ્વોપાર્જીત કર્મો. કર્મજન્ય પુન્ય કે પાપના પ્રભાવના કારણે જીવની 'વૈભાવિક' અને "સ્વાભાવિક" વૃત્તિઓના વિકાસ અને સંકોચની "પરિણામ" રૂપી સમયસારણીનો આ બધો પ્રતાપ છે. "વૈભાવિક" વિકાસથી જીવ રાગ, દ્વેષ, વિષય, કષાયજન્ય અશુભ ભાવોના કારણે હિંસા, પરિગ્રહ, મૈથુન, આગ્રહબદ્ધતા, અનાચાર ઈત્યાદિ 'અકરણીય' પ્રવૃત્તિમાં રાચતો થાય છે. જ્યારે 'સ્વાભાવિક' વૃત્તિ–અવસ્થા પ્રતિ જેટલા અંશે પ્રીતિ કે પરિણતી વધે ત્યારે તેટલા પ્રમાણમાં અહિંસા અપરિગ્રહ, નિરાગ્રહતા, સમ્યક તત્ત્વો પ્રતિની આસ્થા અને તદ્નુરૂપ પ્રવૃત્તિ તેમ જ દેહાત્મ-ભિન્નભાવની અનુભૂતિ વધે છે. આવી સત્પ્રવૃત્તિ કે સત્ પરિણામો અને પરિણતીના કારણોથી કર્મના બંધનો જેટલા અંશે હળવા બને તેટલા પ્રમાણમાં આત્માની સ્વ-સ્વરૂપની રમણતા અને સ્થિરતા અનુક્રમે વધે છે તથા થાય છે. આ પ્રક્રિયા જ્યારે ઉત્કટ સીમાએ પહોંચે છે ત્યારે આત્મા કર્મમુકત બની સ્વ-સ્વરૂપમાં સ્થીર બને છે. આ પ્રક્રિયાની અનોખી વિશિષ્ટતા એ છે કે જેટલા પ્રમાણમાં દેહાત્મભિન્ન ભાવની પરિણતી થતી જાય તેટલા પ્રમાણમાં રાગદ્વેષની પરિણતી હળવી થતી જાય છે. રાગ-દ્વેષની પરિણતી હળવી થતાં પરાધીનતા, પરાશ્રયીપણા અને પરદોષારોપણની વૃત્તિ તથા પ્રવૃત્તિ નહીંવત્ થતી જાય છે. આ 'નહીંવત્'ની વૃત્તિ નિમિત્તોની સમજણ પ્રતીતિના સ્તરની વાસ્તવિકતા બનાવે જેના કારણે સહજભાવ તથા સાક્ષીભાવની પરિણતી પ્રત્યક્ષ થાય છે. આ પ્રકારનો સહજભાવ તથા સાક્ષીભાવ દેહાત્મ-ભિન્નભાવની પ્રતીતિથી જન્મે છે. એટલું જ નહીં પણ આ બે ભાવ-દ્વયના કારણે સંસારમાં રહેલા જીવના કર્મના બંધનો હળવા થતાં ક્રમશ: જીવ પરમશુદ્ધ સ્વરૂપનો સ્વામિ બને છે. આવા શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ પહેલાં પણ સંસારમાં તેનો વ્યવહાર સંવાદિતા અને સમતા-યુકત બને છે. આવી અંતરમાંથી જન્મેલી સમતા અને સંવાદિતા જ સાચી અને શાશ્વત્ શાંતિ લાવી શકે છે.

બાહ્ય રીતે સહિષ્ણુતાથી સંવાદિતા આવે છે. સંવાદિતા સમતાના ભાવને અંતમાં શાશ્વત સ્વરૂપ આપે છે. સંવાદિતા અને સમતા જ્યારે કોઈ પણ પ્રકારના ચોક્કસ આકાર, પ્રકાર, વિચાર કે પ્રવૃત્તિમાં અભિવ્યકિત પામે છે ત્યારે તે અભિવ્યકિતના પ્રમાણમાં in-proportion શાંતિ, અર્થાત્ કર્મ બંધનમાં કે કર્મજન્ય-પરિણામો સહજભાવે કે સાક્ષીભાવે સહન કરવાની ક્ષમતા આવે છે. આ ક્ષમતાના ન્યૂનાધિકપણા પર જ આત્માની અનન્યભાવની વૃદ્ધિ કે ક્ષતિ આધારિત છે. એટલું જ નહીં પણ અનેકાંતવાદની આચરણાત્મક અનુભૂતિનું માધ્યમ છે. અનેકાંતવાદની આવી આચણાત્મક અનુભૂતિ ત્યારે જ શકય બને છે કે પ્રત્યક્ષ થાય છે, કે જ્યારે સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ દર્શનની એકાત્મભાવે as an inseperable entity પ્રાપ્તિ થાય છે. આવી નિર્વિકલ્પ ભાવના આવતાં જીવની સાંસારિક પરિણતી અને પ્રવૃત્તિ સ્વલ્પ થતી જાય છે એટલું જ નહીં પણ સુખ કે દુ:ખની અનુભૂતિમાં સાક્ષીભાવ પ્રત્યક્ષરૂપે આવે છે.

**આત્મવાદ અને કર્મવાદ.**

આ વિશ્વમાં વિદ્યમાન સર્વ દર્શનો અને વિચારધારાઓમાંથી જે જે દર્શન કે વિચારધારા આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરે છે એ સર્વને એક યા અન્ય રીતે કોઈ નામથી કર્મવાદનો સ્વીકાર કર્યા સિવાય બીજો માર્ગ નથી. આત્માના અસ્તિત્વનો વાસ્તવિક અર્થાત્ યથાર્થ સ્વીકાર ત્યારે જ સંપૂર્ણ બને છે કે જ્યારે કર્મવાદની યથાર્થ અને સાચી સમજણ આવે છે. આવી યથાર્થ સમજ–બોધ સિવાય આત્માના અસ્તિત્વની સ્વીકૃતિ અયથાર્થ, અર્ધદગ્ધ કે અસામંજસ્યયુકત પોકળ માન્યતા જ સાબિત થાય છે. આવા પ્રતિપાદનના મૂળમાં, અભિનિવેશયુકત કે અનભિજ્ઞ, આત્માઓને આગ્રહનો આભાસ થતો દેખાય એવું પણ બને. આથી આત્યંતિક સત્યની, સ્થિતિ, સ્વરૂપ કે સમિચીન અભિવ્યકિતના આકાર, પ્રકાર કે પરિણામમાં કોઈ પણ પ્રકારના પરિવર્તનને લેશ માત્ર પણ અવકાશ નથી જ. ટૂંકમાં જે કોઈ પણ દર્શન કે વિચારધારા આત્માના અસ્તિત્વનો કે કર્મમાંથી એકનો સ્વીકાર કરે છે તેને આ બન્નેનો સ્વીકાર કર્યા સિવાય છૂટકો જ નથી. આત્મા અને કર્મનું અસ્તિત્વ અનુક્રમે સ્વ-સ્વરૂપરૂપે કે પદાર્થરૂપે અન્યોન્યાશ્રયી Inter-dependant નથી આમ છતાં આત્માની "સ્વાભાવિક' its own સ્થિતિ પ્રાપ્ત કરવા અને કર્મજન્ય પરિણામોથી મુકિત મેળવવા આત્માનું તત્ત્વસ્વરૂપે તથા કર્મનું પદાર્થ સ્વરૂપે યથાર્થ જ્ઞાન અને બોધ તથા વિવિધ પ્રકારની પરિણતી કે પ્રવૃત્તિની પ્રબુદ્ધ સમજણ અનિવાર્ય છે.

**યથાર્થ સમજ માટેની અપરિહાર્ય પરિણતી**

આવી યથાર્થ સમજ માટેની પ્રાથમિક ભૂમિકા ત્યારે જ સર્જાય છે કે જ્યારે જીવમાં **ઈશ્વર અર્થાત્ આત્માની વિશુદ્ધ અવસ્થા અને સ્વરૂપરૂપે શ્રદ્ધા જાગૃત થાય છે.** આવી શ્રદ્ધા જાગૃત થઈ છે એમ ત્યારે જ કહી શકાય કે જ્યારે જીવ ઈશ્વર કર્તૃત્વ-**વાદની અવાસ્તવિક આસ્થા કે માન્યતામાંથી મુકિત મેળવી તદનુસાર પરિણતી પ્રાપ્ત કરે.** કર્મવાદની સાચી સમજ પ્રાપ્ત કરનાર આત્મા ઈશ્વર કર્તૃત્વવાદની માન્યતા કે આસ્થાથી અનિવાર્યપણે અલિપ્ત હોય. **ઈશ્વર કર્તૃત્વવાદના આંશિક કે ક્ષણિક સ્વીકાર સાથે જ આત્માના યથાર્થ સ્વરૂપનો અસ્વીકાર આવી જાય છે. ઈશ્વર અર્થાત્ આત્માની વિશુદ્ધ કર્મ-મુકત અવસ્થામાં** અવિહડ શ્રદ્ધા ( irrivocable faith ) આવતાં જ કર્મવાદની સમજની સાચી ભૂમિકા સર્જાય છે અને ઈશ્વર ભકિત આવે છે.

મોટા ભાગના દર્શનકારો તથા વિચારકો તેમ જ બાળ-જીવો અભિનિવેશ, આગ્રહ કે અજ્ઞાનના કારણે એવું પ્રતિપાદન કરે છે કે જૈન દર્શન, વિચારધારા અને આચારમાર્ગમાં ઈશ્વરનું કોઈ સ્થાન જ નથી. અર્થાત્ ઈશ્વર કર્તૃત્વવાદના અસ્વીકારના કારણે જૈનો 'નિરીશ્વરવાદી' નાસ્તિક છે. આવું પ્રતિપાદન કે માન્યતા ભ્રમમૂલક અજ્ઞાન [ignorance]માંથી આવે છે.

**કર્મવાદી તે ઈશ્વરવાદી અને "ઈશ્વરવાદી" તે કર્મવાદી.**

અકાટય એવી હકીકત એ છે કે, જૈનદર્શન ઈશ્વર તત્ત્વમાં એકલી આસ્થા જ નથી રાખતું. જૈનોના પ્રત્યેક વિચાર અને આચાર 'ઈશ્વર' ની આસ્થા અને ઉપાસના પર જ આધારિત છે. સમજુ માટે સત્યના સ્પષ્ટીકરણની આવશ્યકતા હોય જ નહીં. કારણ કે સત્ય સ્વયં સ્પષ્ટ છે. આમ છતાં અસત્યનાં અંધારામાં રહેતા કે રહેલા જીવોને સત્યનું દર્શન કરાવવું એ સ્વ-પર માટે શ્રેયકારી છે. આ વિષયમાં સત્યદર્શન એ છે કે, જૈન દર્શનમાં જ નહીં પરંતુ જૈન આચાર માર્ગમાં પણ આસ્તિકતા અને ઈશ્વરની આસ્થા એટલી તો અભિન્ન છે કે જો જૈન દર્શન અને આચાર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માર્ગને નિરીશ્વરવાદી કે નાસ્તિક કહેવાની ધૃષ્ટતા કરવામાં આવે તો એમ જ કહેવું રહ્યું કે, આમ કહેનારા કે આવું પ્રતિપાદન કરનારા ખુદ પોતે નાસ્તિક જ નથી. પરંતુ નાસ્તિકતા અને નિરીશ્વરવાદના પ્રચ્છન્ન વચનથી પ્રચ્છન્ન પ્રચારક છે અને આસ્તિકતા તથા ઈશ્વરના પ્રત્યક્ષ ઉચ્છેદક છે. આ પ્રત્યાક્ષેપ કે પ્રત્યાક્રમણ નથી. પરંતુ જૈનોની આસ્તિકતા અને **"ઈશ્વર"** ની આચરણાત્મક આસ્થાનું યથાર્થ પ્રતિબિંબ છે- પ્રતિઘોષ છે.

કર્મવાદના સિદ્ધાંતની સાચી સમજ સિવાય 'ઈશ્વર' ની યથાર્થ સમજ કે યથાર્થતા અશક્ય છે. 'ઈશ્વર' ની યથાર્થ સમજ તથા 'ઈશ્વરત્વ' ની અપ્રત્યાશિત આરાધનાની ઉત્કટતામાં કર્મવાદની સાચી સમજ નિહીત છે. **આથી યથાર્થ ઈશ્વરવાદી કર્મવાદી જ હોય અને કર્મવાદી ઈશ્વરવાદી જ હોય એ વ્યવહાર વાસ્તવિકતા** (reality) **અને** હકીકત (fact) **છે.**

કર્મવાદના સિદ્ધાંતની વ્યવહારિક (Practical) સમજથી જ ઈશ્વરની સર્વોપરિતા તથા સર્વશ્રેષ્ઠતા સાધ્ય બને છે. એવી જ રીતે ઈશ્વરની સર્વોપરિતા અને સર્વશ્રેષ્ઠતા સિદ્ધ કરવાનો કઠીન પણ કાળજા સોંસરવો ઉતરી જાય એવો કોઈ ઉપાય કે પ્રમાણ હોય તો તે એ છે કે આત્માની સ્વ-સ્વરૂપ સ્થિતિ અર્થાત્ યથાર્થ સ્વરૂપમાં ઈશ્વરત્વની પ્રાપ્તિ યાને કર્મમુકિતના પુરુષાર્થમાં પૂર્ણ સફળતા.

**"ઈશ્વરવાદ"નો આધાર કર્મવાદ.**

"ઈશ્વરવાદ" કે "ઈશ્વર" ના અસ્તિત્વનો આધાર અર્થાત્ અભિવ્યકિત કર્મવાદના માધ્યમથી જ સાધ્ય છે.

કર્મવાદના આધાર સિવાયનો 'ઈશ્વર' પરાધીન અને પરાશ્રયી છે. આવો 'ઈશ્વર' પોતાના જ સર્જનમાંથી સર્જાતી સ્વચ્છંદતા અને વિષયાસકિત અર્થાત્ અસત્ તત્ત્વોનો પરિપાલક છે – પોષક છે અથવા વધુમાં વધુ આવી સ્વછંદતા અને અસત્ તત્ત્વોનો સમયાશ્રયી સંહારક છે!! સ્વ-સ્વરૂપનો સમાહર્તા ને સંહારક જ આવો ઈશ્વર!!!

**આત્મવાદીઓમાં કર્મવાદનો સાર્વત્રિક સ્વીકાર:**

આમ છતાં, આનંદનો વિષય એ છે કે **અભિનિવેશની** ઓછી વધતી તીવ્રતા અનુસાર દુનિયાના દરેક આત્મવાદી દર્શનોએ એક યા અન્ય રીતે અને નામભેદથી પણ કર્મનો સ્વીકાર કર્યો છે. કોણ કેટલા અંશે કર્મ કે કર્મના પ્રભાવને વાસ્તવિક સ્વરૂપમાં યથાર્થરૂપે સમજ્યું છે કે સમજે છે એ તથ્યાતથ્યના વિવેકના યથાયોગ્ય ઉપયોગ ને સમ્યક્ જ્ઞાનની પરિણતીની માત્રા પર આધાર રાખે છે. આ હકીકતથી એક નોંધપાત્ર ફળીતાર્થ એ નીકળે છે કે, આત્મા જેવું કોઈ તત્ત્વ (substance) છે એવું માનનાર દરેક દર્શનકારે આત્માને આવરનાર અંધકાર તરીકે કર્મવાદનો સ્વીકાર કરવો પડયો છે. આવી સ્વીકૃતિમાં જ સત્યની સ્વીકૃતિ સમાયેલી છે. પછી ભલે એ સ્વીકૃતિ આંશિક, અર્ધદગ્ધ કે અર્ધ અથવા મિશ્ર સ્વીકૃતિ હોય. આનો અર્થ એ થયો કે સત્યને અવગણી શકાતું નથી.

**જૈનેતર દર્શનોમાં કર્મના નામભેદ.**

જૈનેતર દર્શનકારોએ પોતપોતાના દર્શનમાં "કર્મ" નો ભિન્ન ભિન્ન નામથી નિર્દેશ કર્યો છે તેમ જ તેની તાત્ત્વિક દષ્ટિએ અલગ અલગ પ્રકારની વ્યાખ્યા કરી છે. 'કર્મ' ની આવી ભિન્ન ભિન્ન પ્રકારની, માયા–અવિદ્યા–પ્રકૃતિ–વાસના–અદષ્ટ–સંસ્કાર–દૈવ અને ભાગ્ય વિ. નામ–શબ્દથી ઓળખાણ આપવામાં આવી છે- 'જ્ઞાન' કરાવવામાં આવ્યું છે.

**કર્મની ત્રણ અવસ્થાઓ:**

જૈન દર્શનમાં પ્રત્યેક કર્મની (૧) બધ્યમાન, (૨) સત્ અને (૩) ઉદયમાન એ પ્રકારે ત્રણ અવસ્થાઓની પ્રરૂપણા કરવામાં આવી છે. આ અવસ્થાઓને ક્રમશ : (૧) બન્ધ (૨) સત્તા અને (૩) ઉદય માનવામાં આવે છે.

અન્ય દર્શનોમાં પણ આ ત્રણ અવસ્થાઓને ભિન્ન નામ અને તત્ત્વ ભેદથી વર્ણવવામાં આવેલ છે. બધ્યમાન કર્મને (૧) **ક્રિયમાણ**', સત્તા સ્થિત કર્મને (૨) **સંચિત** અને ઉદયમાનને– વિપાકોદયને (૩) પ્રારબ્ધ તરીકે પણ ઓળખવામાં આવેલ છે.

**કર્મની માન્યતા સર્વાંગીણ હોવી જોઈએ:**

અજ્ઞાનથી અધૂરપ (in-completeness) આવે. અધૂરપ અપૂર્ણતાની દ્યોતક (indicative) છે. આ પ્રમાણે કર્મની અધૂરી કે અધકચરી સમજ આત્માને કર્મના બંધનોમાં જકડનારી છે. સમ્યક્ જ્ઞાન કે દર્શનવાળો આત્મા અપૂર્ણતામાં રાચે નહીં પણ પૂર્ણતા પ્રાપ્ત કરવા સતત્ પ્રયત્નશીલ હોય. એના આ પ્રયત્નોથી આત્મા પરિણતીવાન બને. આવી પરિણતી આત્માને પૂર્ણતા પ્રાપ્ત કરાવ્યા વગર રહે નહીં, પ્રત્યેક પદાર્થનું યથાવત્ જ્ઞાન પ્રાપ્ત કરવાની તેની પ્રવૃત્તિ હોય. આવી પ્રવૃત્તિવાળો આત્મા–જીવ પોતાની કે અન્ય જીવની **બાહ્ય કે દશ્યમાન–વ્યવહારિક દશાની પ્રવૃત્તિ કે વિવિધતાના આધારે જ** કર્મની માન્યતા, સ્વરૂપ કે પ્રભાવને ન માને. કર્મના બાહ્ય આકાર કે પ્રભાવથી તો કર્મનું બાહ્ય કારણ જાણવા મળે અને તદ્નુસારની માન્યતા બંધાય. આવી માન્યતા એકદેશીય અને અધૂરી (Partial or one-sided and in-complete) હોય. કોઈ પણ વિષય, વસ્તુ કે પદાર્થનું સાચું જ્ઞાન તો ત્યારે જ થાય કે જ્યારે સર્વદેશીય અને સર્વવ્યાપી (all sided and all purvasive) સ્વરૂપ અને પ્રવૃત્તિ કે પ્રભાવનું સર્વતોમુખી જ્ઞાન થાય. આત્મા અને કર્મના સંયોગનું મૂળ સમવાયી કારણ કર્મની બન્ધ, સત્તા અને ઉદય એ ત્રણે અવસ્થાઓ તથા આત્મા અને કર્મની આ ત્રણે સંયોગી અવસ્થાઓ (attached or conjuctive conditions) ના કારણે જીવનું વિવિધ ગતિઓમાં પરિભ્રમણ, સુખ-દુ:ખની વિવિધ પ્રકારની ભિન્નભિન્ન માત્રામાં અનુભૂતિ **વિ.** કર્મ સંબંધી સર્વ પ્રકારનું જ્ઞાન હોવું જરૂરી છે. આવું જ્ઞાન એ સંયોગમાં આવનાર પદાર્થ- અર્થાત્ કર્મનું જ્ઞાન થયું. આવું જ્ઞાન ત્યારે જ આવે કે જ્યારે સંયોગ કરનાર અર્થાત્ કર્તાનું જ્ઞાન થાય.

**આત્માની કર્મ–વિષયક ત્રિવિધ પ્રવૃત્તિ :**

આ કર્તા કોણ? આ કર્તા આત્મા સિવાય અન્ય કોઈ નથી, કોઈ ન હોઈ શકે. આથી આત્મા-જીવનું મૂળ સ્વરૂપ શું? મુખ્ય-ગુણ ને મુખ્ય ક્રિયા શું તેનું પણ જ્ઞાન હોવું અનિવાર્ય છે. કર્મ મૂળ સ્વભાવત: જડ હોવાના કારણે પરાશ્રયી છે. પરાશ્રયી પદાર્થ જ્યાં સુધી ચેતનના સંપર્કમાં ન આવે ત્યાં સુધી પોતાનો પ્રભાવ દેખાડી ન શકે. એટલું જ નહીં પણ, તેના આ પ્રભાવની માત્રા કે પ્રમાણ ( quality or quantity )નો આધાર તેને આશ્રય આપનાર ચેતના પર જ અવલંબિત છે. ટૂંકમાં કર્મનો કર્તા, ભોકતા અને પરિહર્તા પણ આત્મા પોતે જ છે.

ઘણી વાર માનવ-જીવનમાં એવું બને છે કે માનવે પોતે સર્જેલી પરિસ્થિતિઓનો જ તે પોતે કેદી બની જાય છે. વળી કોઈક વખત એવું પણ બને છે કે માણસ પોતાની જ અનિર્ણાયક અનિશ્ચિતતાનો બંદી-ગુલામ બની જાય છે તેવી રીતે આત્મા સ્વોપાર્જીત કર્મનો કેદી બને છે. પોતાના સ્વોપાર્જીત કર્મના ઉદયના કારણે જીવ- સ્વ-સ્વભાવાન્તર્ગત જ્ઞાનને વિસરી જાય છે ને તેની દશા "કાંખમાં છોકરું પણ ગામ આખામાં શોધ્યું" તેના જેવી થાય છે. અર્થાત્



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ વિસ્મૃતિમાંથી ઉત્પન્ન થયેલ અજ્ઞાનની અનિર્ણાયક દશાનો આત્મા ભોગ બને છે.

**કર્મની સર્વાંગીણ સમજનું સાચું - મૂળ કારણ:**

આવાં અને બીજાં અનેક કારણોથી આત્માની કર્મજન્ય અવસ્થાઓ તથા કર્તા-ભોકતા અને પરિહર્તાપણાનું સર્વાંગી જ્ઞાન થતાં કર્મવાદનું સર્વાંગી જ્ઞાન બાહ્યાંતર રૂપે થાય છે. કર્મવાદના આ બાહ્યાંતર જ્ઞાનના સર્વાંગીપણાનો આધાર પણ આત્માની પોતાની બહિરાત્મ દશા અને અંતરાત્માવસ્થાના જ્ઞાન અને તેની પ્રતીતિ પર જ આધારિત છે. આત્માના આ બન્ને બહિરાત્મ અને અંતરાત્મ ભાવનું ભાન થતાં જ દેહાત્મ-ભીન્ન ભાવની પ્રક્રિયાનો પ્રારંભ થાય છે. આ પ્રક્રિયા એની પરાકાષ્ટાએ પહોંચે છે ત્યારે દેહાત્મભાવ વિસરાઈ જાય છે અને આત્મભાવ પ્રગટે છે. આવો આત્મભાવ અનન્યતાની સ્થિતિ પ્રાપ્ત કરવામાં સહાયક બને છે.

**સાચા પરિપ્રેક્ષ્યની સમજ માટેની પાયાની આવશ્યકતા:**

જ્યાં સુધી જીવમાં બહિરાત્મભાવ પ્રવર્તે [ purvades ] છે ત્યાં સુધી આત્મા કર્મજન્ય કલુષિતતાથી કલુષિત બને છે. આત્માની બહિરાત્મભાવની અવસ્થાને કારણે તે વૈભાવિક ક્રિયાઓ કરે છે કે પુદ્ગલાનંદી પ્રવૃત્તિમાં રાચે છે. આત્માની આ પરકીય પદાર્થોની પ્રીતિના કારણે આવતી પ્રવૃત્તિ અને "પરિણામ"થી જ કર્મનો બંધ થાય છે

કર્મબન્ધન, કર્મની સત્તાસ્થિતિ અને કર્મોદયના કારણ રૂપ પરિણામ અને પ્રવૃત્તિ, ઉદીર્ણા અને વિપાકોદય, કર્મનો આશ્રવ અને આત્માનો સંવરભાવ, સત્તાસ્થિત કે ઉદયમાં આવેલા કર્મની નિર્જરા-આ બધી અવસ્થા અને આવી અવસ્થાના કારણો તથા ભાવોનું યથાર્થજ્ઞાન જ આત્માની કર્મમુકિતની પ્રક્રિયાનો પ્રારંભ કે પરિપૂર્ણતા પ્રાપ્ત કરાવવા સમર્થ બને છે. આ સામર્થ્ય ત્યારે જ સમ્યક્ બને છે કે જ્યારે આ વિષયનું જ્ઞાન તેના સાચા પરિપ્રેક્ષ્યમાં થાય.

આવી સાચા પરિપ્રેક્ષ્યની સમજ, જ્ઞાન કે પરણિતી ત્યારે જ પ્રત્યક્ષ થાય કે જ્યારે પારમાર્થિક અને વ્યવહારિક અવસ્થા-દશાનું પરિમાણ-મૂલ્યાંકન પારમાર્થિક અને વ્યવહારિક નયનો યથાર્થ સ્થાને યથાયોગ્ય રીતે ઉપયોગ કરવાની આત્મામાં ક્ષમતા અને પરિણતી આવે. આ બન્ને સ્થિતિઓને સમજવા માટે આ બન્ને નયની યથાયોગ્ય સમતુલા ને વિવેકપૂર્ણ ઉપયોગ અનિવાર્ય છે. પારમાર્થિક અને વ્યવહારિક દશાની સમજ-જ્ઞાનમાં આ બન્ને નયની અનિવાર્ય આવશ્યકતા સાથે આ નયોનો યથાયોગ્ય ઉપયોગ પણ એટલો જ આવશ્યક છે. ટૂંકમાં આ મૂળભૂત પાયાની આવશ્યકતા છે. આ આવશ્યકતાની પૂર્તિના પ્રકારમાં, પ્રયાસમાં કે પ્રગટીકરણમાં જેટલી ખામી કે અધૂરાશ કે અવ્યકતપણું આવે એટલા પ્રમાણમાં આત્મસાધનાનો માર્ગ આટીંઘૂંટીવાળો અર્થાત્ વિકટ અને વિષમ બનવાનો. આ વિષમતાથી વ્યાપ્ત બનતી વિભાવદશાના કારણે જીવની બાહ્યાંતર બન્ને પ્રકારની પરિણતી અને પ્રવૃત્તિ વૈભાવિક અવસ્થાની વૃદ્ધિનું જ કારણ બને છે.

**વૈભાવિક અવસ્થાના વિનિપાતથી વિગતિ:**

આવી વૈભાવિક અવસ્થાથી વિવેકનો વ્યવસ્થિત વિધ્વંસ થાય છે. આ વ્યવસ્થિત વિધ્વંસથી આત્માના પરિણામો નિધ્વંસ બને છે. આ પરિણામ નિધ્વંસતાના કારણે આત્મા નયવાદની નિર્મળતાની પવિત્રતાના આધારે થતી પાપ-પ્રનાશક પરિણતી અને અધ્યવસાય-શુદ્ધી કયાં તો નાશ પામે છે અથવા સ્વલ્પ બને છે જેના પરિણામે જીવની રાગદ્વેષની પરિણતી વધે છે. પરિણામે આત્મા કર્મના બન્ધનોથી લપેટાય છે. આથી જ શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે કે, "**परिणामे बन्ध**" - "પરિણામથી કર્મનો બન્ધ થાય છે." આવા બન્ધથી જીવની 'ભવસ્થિતિ'-સંસારમાં ભ્રમણ વધે છે. આ ભ્રમણ આત્માની વૈભાવિક સ્થિતિ અને રમણતાનું દ્યોતક છે- અર્થાત વિનિપાત છે.

**સ્વ-સ્થિતિ પ્રાપ્ત કરવાના સાધન-ત્રય:**

રાગદ્વેષની સૂક્ષ્મ પરિણતીના કારણે જીવે બાંધેલા કર્મ તથા તેના ઉદયથી કરેલી પ્રવૃત્તિઓમાંથી મુકિત પ્રાપ્ત કરવા માટે દરેક આત્માએ ઓછા-વધતા પ્રમાણમાં કે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રૂપે (૧) સમ્યક્જ્ઞાન, (૨) તદ્જન્ય પરિણતી અને (૩) આત્મપુરુષાર્થ આ સાધનત્રયનો ઉપયોગ કરવો અનિવાર્ય છે. આ સાધનત્રયમાં સમ્યક્જ્ઞાનનું સ્થાન પાયાનું છે. સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ સિવાય સમ્યક્દર્શન આવ્યું હોય તો પણ સ્થાયીરૂપે રહી શકતું નથી. તેવી જ રીતે કર્મવિનાશક પરિણતી પણ પરિપકવ બનતી નથી. એ જ પ્રમાણે સમ્યક્જ્ઞાન અને તદ્જન્ય પરણતી સિવાયનો આત્માનો પુરુષાર્થ પાંગળો અથવા પ્રાણ-વિહીન હોય છે. અર્થાત્ કર્મક્ષય માટે પ્રભાવક બની શકતો નથી. **पढमं नाणं तओ दया** અર્થાત્ 'પ્રથમ જ્ઞાન પછી દયા"-આ શાસ્ત્રવચન ઉપરોકત વાત-કથનના આધારે છે. આમ છતાં આ સંસારમાં એવાં અનેક જીવો છે કે જે પોતાનામાં રહેલી કર્મજન્ય અશકિત અને અજ્ઞાનના કારણે કયાં તો એકલા જ્ઞાનરૂચીવાળા કે એકલા ક્રિયારૂચીવાળા હોય છે એટલું જ નહીં પણ તદનુસારની પ્રરૂપણા તથા વિવિધ શાસ્ત્રાજ્ઞાઓનું તેમની પરિણતી અનુસાર અર્થઘટન કરે છે.

**સ્વ-પરિણતી અનુસારનું અર્થ-ઘટન અનર્થકારી છે:**

આવું એકાંતિક કે ગૌણતા અથવા પ્રાધાન્યતા દર્શાવનારુ સ્વ-પરિણતી અનુસારનું અર્થઘટન આત્માને અંધકારમાં રાખે છે અને ભવભ્રમણ વધારનારુ થાય છે. સર્વજ્ઞકથીત આત્મકલ્યાણના સાધનામાર્ગમાં આત્માને કર્મના બન્ધનોમાંથી મુકિત અપાવનાર દરેક સાધન કે પરબિળોનું સ્થાન તથા મર્યાદા સુનિશ્ચિત છે. આત્મ-કલ્યાણકારી સાધનો કે પરિબળોનાં સ્થાન તથા મર્યાદાઓનું જેટલું સ્પષ્ટ જ્ઞાન અને ભાન હોય એટલું એનું શ્રેય-મુકિત સત્વર થાય. ટૂંકમાં આત્માની પોતાની કર્મબદ્ધ અવસ્થાની, પરિણતી અનુસારનું જ્ઞાન કે અર્થઘટન અથવા ક્રિયાઓનું આચરણ આત્માને મુકિત અપાવવા શકિતમાન નથી પણ આ શકિત કે ક્ષમતા ફકત સર્વજ્ઞ-ભગવંત કથીત સત્યની આજ્ઞા કે મર્યાદા અનુસારની પરિણતી જ આત્માને બન્ધનાવસ્થામાંથી મુકત કરી સ્વ-સ્વરૂપની પ્રાપ્તિ કરાવી શકે. બીજા શબ્દોમાં કહીએ તો સત્યના સાક્ષાત્કાર સિવાય સ્વ-સ્વરૂપ પ્રપ્તિના સાધના માર્ગના ઉપાયોની આધીકારિક-સત્તાવાર ઘોષણા કરવાનો કોઈને પણ હક્ક નથી.

આટલું જ નહીં પણ સત્યનો જેને સાક્ષાત્કાર થયો છે તેવા સર્વજ્ઞભગવંત કથીત સત્યવચનના આધાર સિવાયની કોઈ પણ પ્રરૂપણા કે પ્રવૃત્તિથી આત્માનું કલ્યાણ કે કર્મ-નિર્જરા સંભવી શકે જ નહીં. આ શાશ્વત સત્ય પ્રતિ જેની નિષ્ઠા જીવંત હોય તે પોતાનામાં રહેલા અજ્ઞાનથી અનભિજ્ઞ હોય જ નહીં અર્થાત્ પોતાની છદ્મસ્થ અવસ્થાનો ખ્યાલ અને એનું ભાન આવા આત્મામાં અભિન્નપણે રહેલું હોય. આ અનભિજ્ઞતાના કારણે એ આત્માનો અહંકાર-અભિમાન ઓગળી ગયું હોય અથવા બિલકુલ નહીંવત્ હોય. આ રીતે આવેલા અહંકારના અભાવ અથવા અત્યલ્પપણાના કારણે સત્યનિષ્ઠા ધરાવતો કોઈ પણ આત્મા સર્વજ્ઞ-કથીત સત્યની નિર્ભેળ અને સ્પષ્ટ સમજણ સિવાય તેમ જ એવા સત્યના સ્પષ્ટ આધાર સિવાય અન્ય કોઈ પણ આત્માની પ્રરૂપણા કે પ્રવૃત્તિને એકાંતે અસત્ય કે અહિતકારી કહે જ નહીં. આવી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રરૂપણા કરવાનો કે અભિપ્રાય આપવાનો અવસર ઊભો થાય ત્યારે સર્વજ્ઞના શાસનને પામેલો આત્મા પોતાની સલામતી ખાતર એમ જ કહે કે 'સ્વ-ક્ષયોપશમ મુજબ સર્વજ્ઞની આજ્ઞા કે આદેશને જે રીતે સમજી શકું છું તે મુજબ... આમ હોય કે હોવું જોઈએ." આવું કથન કરતી વખતે પણ દરેક આત્માએ એ વાતની સંપૂર્ણ સાવધાની રાખવી જોઈએ કે "પોતાની સમજથી ભિન્ન માન્યતા કે આચરણા કરનાર આત્માના પરિણામ કે અધ્યવસાય અંગે કોઈ પણ જાતનું નિર્ણયાત્મક કે ચોક્કસ (definate) વિધાન ન કરે." આવું વિધાન ન કરવાનું મુખ્ય કારણ એ છે કે, સર્વજ્ઞ વચનની જાણકારી કે બોધ માત્રથી જ કોઈ પણ આત્મામાં અન્ય આત્માના અધ્યવસાયો કે પરિણામો જાણવાની ક્ષમતા આવતી નથી. આવી ક્ષમતા તો ત્યારે જ પ્રાપ્ત થાય કે જ્યારે આત્મા સ્વપુરુષાર્થ કરી ચોક્કસ પ્રમાણમાં કર્મનિર્જરા દ્વારા પોતાના આત્માને અવારનવાર અજ્ઞાનનો અંધકાર આંશિક રીતે કે સંપૂર્ણપણે દૂર કરે. આત્મ-જ્ઞાન અનુમાનોના આધારે આવતું નથી. એ તો સ્વ-પુરુષાર્થના આધારે થતી આત્મપ્રતીતિથી જ આવે છે.

આવી આત્મ-પ્રતીતિ કે અન્ય પ્રકારની જાણકારી આત્માને કેવી રીતે થાય છે?

**આત્માની સ્વ-માર્ગી કે પરકીય પ્રવૃત્તિનું મૂળ યા આધાર:**

સર્વજ્ઞ-કથીત સ્વયંસિદ્ધ સત્ય એ છે કે જીવ-આત્માના મૂળભૂત ગુણોમાં અર્થાત્ સ્વભાવ સ્વરૂપે જ્ઞાનનો ગુણ રહેલો છે જ. આ ગુણના પ્રગટ સ્વરૂપમાં ન્યૂનાધિકતા (ઓછા-વધતાપણું) હોઈ શકે અને હોય છે. એ સામાન્ય અનુભવની વાસ્તવિકતા છે. આત્માની આંતરિક કે બાહ્ય અથવા સ્થૂળ કે સૂક્ષ્મ પરિણતી તથા પ્રવૃત્તિની આધારશીલા અન્ય ગુણો તથા કારણોમાં આ જ્ઞાનનો ગુણ પણ મૂળમાં આધાર રૂપે છે.

**જ્ઞાનના બે મુખ્ય પ્રકાર:**

સમગ્ર વિશ્વના તથ્યો તથા તત્ત્વોનો પદાર્થ-બોધ જેમને હસ્તામલકવત્ હતો તેવા સર્વજ્ઞ ભગવંતોએ આ 'પદાર્થબોધ'નું નિરુપણ કરતાં કહ્યું છે કે સમસ્ત સંસાર ચેતન (જીવ) અને જડ (અજીવ) એમ બે મુખ્ય તત્ત્વોની 'યથાવત્' સમજણથી સમજી શકાય છે અને તેના પ્રત્યેક રહસ્યો જાણી શકાય છે.

આ બે મુખ્ય તત્ત્વોમાંથી જીવનું લક્ષણ ચેતના અર્થાત્ આત્માની અંદર રહેલી જ્ઞાનશક્તિનું વર્ણન કરતાં જ્ઞાનના બે મુખ્ય ભેદ કેવલી ભગવંતોએ કહ્યા છે. (૧) ઈન્દ્રિયાશ્રિત જ્ઞાન અને (૨) ઈન્દ્રિયાતીત જ્ઞાન. (અહીં ઈન્દ્રિયાતીત એટલે ઈન્દ્રિયની સહાય કે માધ્યમ સિવાયનું જ્ઞાન એમ સમજવું).

ઈન્દ્રિયજન્ય [ s nsual ] જ્ઞાન દરેક આત્માની કર્મબદ્ધ અવસ્થાની સ્થિતિ અર્થાત્ સ્વોપાર્જીત કર્મની તીવ્રતા કે હલકાપણા પર આધારિત છે. બીજી રીતે કહીયે તો એમ પણ કહી શકાય કે ઈન્દ્રિયજન્ય કે ઈન્દ્રિયાશ્રીત જ્ઞાન કે એનો બોધ "પ્રવાહી પરિસ્થિતિ" ( fluied condition ) જેવો છે. એના આકાર-પ્રકાર ( shapes and modes ) વિવિધ પ્રકારના છે. જ્યારે ઈન્દ્રિયથી ભિન્ન એવી જીવની મૂળ જ્ઞાનશક્તિ તત્ત્વત: અર્થાત્ તાત્ત્વિક રૂપે તથા ગુણરૂપે (substantially and qualitatively) પ્રત્યેક આત્મામાં એકસરખી જ છે. "અભવી" આત્માઓ આમાં અપવાદ રૂપે હોઈ શકે એમ માનવાને કારણ છે, પરંતુ એ માટે સ્પષ્ટ શાસ્ત્રાધાર હજી સુધી જોવામાં કે સાંભળવામાં આવ્યો નથી.

**સમ્યક્ દર્શનની સરળ છતાં સ્પષ્ટ વ્યાખ્યા :**

સર્વજ્ઞકથીત સત્યકથન પ્રતિ ક્ષણિક રૂપે (momentary) પણ શ્રદ્ધા થવી અર્થાત્ સમગ્ર વિશ્વના પદાર્થો તથા તત્ત્વો વિશે સર્વજ્ઞ-ભગવંતોએ જે પ્રરૂપણા કરી છે તેને વિશેષરૂપે જાણીને કે જાણ્યા વગર પણ, સર્વજ્ઞ ભગવંતોએ કહેલ વચન કે વાણી સત્ય છે તેવી ક્ષણીક પ્રતીતિ પણ સમ્યક્દર્શનની ઉપલબ્ધિ (તેટલા સમય પૂરતી) પર્યાપ્ત છે. બીજા શબ્દોમાં કહીએ તો જ્ઞેય પદાર્થોના સામાન્ય ધર્મને "યથાવત્" જાણવું તેનું નામ સમ્યક્દર્શન.

**સમ્યક્ જ્ઞાનનું સ્વરૂપ, વ્યાખ્યા :**

દરેક પદાર્થમાં સામાન્ય અને વિશેષ ધર્મ હોય છે. સામાન્યનું જ્ઞાન થયા પછી વિશેષ ધર્મનું જ્ઞાન મેળવવા પુરુષાર્થ કરવાની ઈચ્છા થાય અને એના પરિણામે જ્ઞેય પદાર્થોના વિશેષ ધર્મનું જ્ઞાન થવું કે મેળવવું એને સમ્યક્જ્ઞાન કહેવાય છે. ટૂંકમાં જ્ઞેય પદાર્થોના સ્વરૂપ અને સ્વભાવનું 'યથાવત્' જ્ઞાન થવું તેનું નામ સમ્યક્ જ્ઞાન.

**આત્માની ચૈતન્યશકિતનું દ્વિપક્ષી સ્વરૂપ :**

આત્માના મૂળ ગુણ રૂપ ચૈતન્યશકિતનું સ્વરૂપ સ્વભાવ-દ્વય-યુકત અર્થાત્ દ્વિપક્ષી છે. આત્માની ચૈતન્યશકિત એકલી 'જ્ઞાનસ્વરૂપે' જ વિદ્યમાન નથી હોતી; પરંતુ જ્ઞાન અને દર્શન એમ સંયુકત સ્વરૂપે હોય છે. આ સંયુકત સ્વરૂપાત્મક ચૈતન્યશકિત કહેવા પાછળના તર્ક અને તથ્યયુકત કારણોમાંથી પ્રથમ કારણ એ છે કે, કોઈ પણ પદાર્થ એક ધર્મી હોતો નથી. પરંતુ સામાન્ય અને વિશેષ એમ બન્ને ધર્મ-સ્વરૂપયુકત જ હોય છે. બીજું કારણ એ છે કે, સામાન્ય પદાર્થબોધ થતી વખતે પણ જીવનો આત્મોપયોગ ચઢતો અને ઉતરતો એમ બે પ્રકારે હોય છે. ઉદાહરણ તરીકે જ્યારે કોઈ પણ માનવી પર આપણી દષ્ટિ પડે છે ત્યારે સામાન્ય રૂપે એ માનવ છે એમ અનુભવીએ છીએ પણ એની સાથે સાથે વ્યકત કે અવ્યકત રીતે પણ એ માનવ છે એટલે જીવયુકત અને વિવિધ અંગવાળો તથા બુદ્ધી શકિતવાળો છે એ પણ જાણીએ છીએ. આવી વ્યકિતની માત્ર માનવી તરીકેની ઓળખાણ-ખાસ કરીને સામાન્ય ઓળખાણની સાથે જ વિશેષ ઓળખ પણ આવે છે તેનું કારણ આત્માની ચૈતન્યશકિતનું આ સ્વરૂપદ્વયાત્મક હોવું એજ છે.

**સમ્યક્ દર્શનની સામાન્ય વ્યાખ્યા :**

આ જ્ઞાનશકિતથી જીવને જ્ઞેય પદાર્થનો ખ્યાલ પેદા થાય છે તેમાં પ્રાથમિક ખ્યાલ પણ જ્ઞાનના દર્શન કહેવાય છે. પદાર્થબોધની પ્રથમ ભૂમિકા તે દર્શન છે તેમાં વસ્તુના ખાસ સ્વરૂપનો ભાસ નહિ થતાં ફકત વસ્તુની સત્તાનું જ ભાન થાય છે. સર્વ જ્ઞેય પદાર્થો સામાન્ય અને વિશેષ, એમ બન્ને ભાવયુકત હોય છે સામાન્ય વિના વિશેષ હોઈ શકે નહિ. જેમ કે વિવિધ ફળો પૈકી આંબાનું ફળ દષ્ટિ સન્મુખ થતાં પ્રથમ તો કેરી સ્વરૂપે સામાન્ય બોધ થાય ત્યાર પછી તે કેરી મોટી છે, મીઠી છે, પરિપકવ છે, વિગેરે કેરી અંગેનો વિશેષ બોધ થાય છે. આ ફળમાં કેરી સ્વરૂપ સામાન્ય ભાવ છે, તો જે મોટાઈ, મીઠાશ, પરિપકવતા વિગેરે વિશેષ ભાવો છે. જ્યાં કેરી સ્વરૂપ સામાન્ય ભાવ જ ન હોય તો પછી ત્યાં મોટાઈ—મીઠાશ વગેરે વિશેષ ભાવનું અસ્તિત્વ જ કયાંથી હોય ? માટે સામાન્ય અને વિશેષ એ બન્ને ભાવો પ્રત્યેક વસ્તુમાં સંલગ્ન છે. જેથી દરેક પદાર્થનો બોધ, પ્રથમ સામાન્ય અને પછી વિશેષ થાય છે. તેમાં જ્ઞેયના વિશેષ ધર્મને જાણવાવાળો આત્માનો જે ગુણ છે તે જ્ઞાન છે. જ્ઞેયના સામાન્ય ધર્મને જાણવાવાળો આત્માનો જે ગુણ છે તે દર્શન છે.

**ગુણદ્વય :** આ રીતે પદાર્થ બોધ થતી વખતે ચડતા ઊતરતા વિવિધ પ્રકારના આત્મોપયોગરૂપ ભેદનો વ્યવસ્થિત અને વિસ્તૃત રીતે થતો ખ્યાલ ચુકાઈ ન જાય તે માટે આત્માની ચૈતન્યશકિતને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માત્ર એક જ્ઞાનસ્વરૂપે જ નહિ ઓળખાવતા જ્ઞાન અને દર્શન એમ બન્ને સ્વરૂપે કહી છે.

**ચારિત્ર્ય :** આ જ્ઞાન અને દર્શન ઉપરાંત આત્માનો ત્રીજો ગુણ છે. જીવની સ્વશકિત, ચેતના અને વીર્યાદિની પરિણતિનું પ્રવર્તન, સ્વભાવમાં વર્તે છે તેને ચારિત્ર્ય કહેવાય અથવા રાગ-દ્વેષની પરાધીનતા રહિત આત્માની જ્ઞાન અને **દર્શનશકિતનો** ઉપયોગ તેને ચારિત્ર્ય કહેવાય. રાગ-દ્વેષ એટલે આત્મામાં વર્તતા ક્રોધાદિ કષાયો. આ ક્રોધાદિ કષાયોના ત્યાગને જ ચારિત્ર કહેવાય.

**આત્મિક શકિત–અનંત વીર્ય :** આત્માનો ચોથો ગુણ "વીર્ય" કહેવાય છે. વીર્ય એ જૈન પારિભાષિક શબ્દ છે. તેનો અર્થ, યોગ-ઉત્સાહ-બળ-પરાક્રમ – શકિત ઈત્યાદિ થાય છે. અર્થાત્ આત્માની શકિત–બળ-પરાક્રમ તે વીર્ય કહેવાય છે. તેના (૧) લબ્ધિ વીર્ય અને (૨) કરણ વીર્ય; એમ બે પ્રકાર છે. તેમાં આત્મામાં શકિતરૂપ રહેલું વીર્ય તે લબ્ધિ વીર્ય છે અને તે લબ્ધિ વીર્યની પ્રવૃત્તિમાં નિમિત્તભૂત જે મન-વચન અને કાયારૂપ સાધન તે કરણ વીર્ય છે. કરણ વીર્યમાં આત્મિક વીર્યના વાહનરૂપથી વીર્ય શબ્દનો ઉપચાર – વ્યવહારિક ઉપયોગ છે. આત્મજ્ઞાન રહિત જીવને વીર્ય ગુણની પ્રાથમિક સમજ, તે કરણવીર્ય દ્વારા જ આપી શકાય છે. લબ્ધિવીર્ય પ્રગટ થવામાં કરણ વીર્ય સંબંધ ધરાવે છે. માટે તે ઉપચાર યોગ્ય છે. વીર્યના સત્ય સ્વરૂપથી અજ્ઞાત લોકો, શરીરની તાકાતને-બળને જ વીર્યસ્વરૂપમાં સમજે છે. પરંતુ શરીરની અંદર રહેલું વીર્ય તો પુદ્‌ગલમાંથી બનેલું હોવાથી તે તો પૌદ્‌ગલિક વીર્ય કહેવાય છે. આ પૌદ્‌ગલિક વીર્યની પ્રગટવાનું કારણ આત્માના વીર્યગુણ (લબ્ધિવીર્ય)ના પ્રગટીકરણ ઉપર છે.

**શકિતના મુખ્ય બે ભેદ :**

જગતના નાના મોટા સર્વ પ્રાણીઓની મન-વચન તથા શરીરની સ્થૂલ યા સૂક્ષ્મ પ્રવૃત્તિમાં આત્માનું વીર્ય જ કામ લાગે છે. મન-વચન અને કાયા તો જડ હોવાથી આત્માના વીર્ય વિના કોઈ પણ પ્રકારની ક્રિયા કરી શકતા નથી. આત્મા જ્યારે શરીરનો ત્યાગ કરીને ચાલ્યો જાય છે, ત્યારે મજબૂતમાં મજબૂત શરીર પણ કાષ્ઠની માફક થઈને પડ્યું રહે છે. એટલે સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે કે આત્મિક વીર્યના અભાવે શારીરિક બળ વ્યર્થ છે. શરીરગત પૌદ્‌ગલિકવીર્ય, એ બાહ્યવીર્ય છે. આ બાહ્યવીર્ય એ આત્મિક વીર્યના અનેક બાહ્ય સાધનોમાંનું એક બાહ્ય સાધન છે. અથવા **આત્મિક વીર્યના પ્રવર્તન રૂપ આત્મપ્રયત્નમાં બાહ્યવીર્ય પણ સંબંધ ધરાવે** છે. એટલે વાસ્તવિક રૂપથી તો વીર્ય એ એ શરીરની નહિ પણ આત્માની વસ્તુ છે. એ શરીરનો ગુણ નહિ હોતા શરીરનું સર્વ પ્રકારનું સંચાલન કરવાવાળો જે આત્મા, શરીરમાં રહેલો છે તેનો ગુણ છે.

**સ્વાભાવિક ગુણો :**

આ પ્રમાણે જ્ઞાન-દર્શન ચારિત્ર અને વીર્ય એ આત્માના સ્વ-માલિકીના, બહાર, ક્યાંયથી નહિ આવેલા સ્વાભાવિક ગુણો છે. એ જીવ માત્રના ગુણો હોવા છતાં પણ તે દરેકનું અસ્તિત્વ દરેક જીવોમાં એક સરખું નહિ હોવાથી ન્યૂનાધિકપણે વર્તતું જોવામાં આવે છે. આવી વિવિધતાનું કારણ શું ? એ પ્રશ્ન બુદ્ધિમાન મનુષ્યોના હૃદયમાં ઉપસ્થિત થાય એ સ્વાભાવિક છે. પરંતુ આ પ્રશ્નનું સમાધાન કર્યા પહેલાં તો એ સમજી લેવું જોઈએ, કે જે જે વસ્તુના વિકાસમાં હાનિવૃદ્ધિ દેખાય તે વસ્તુમાં પ્રકર્ષતા અથવા સંપૂર્ણતા યા અન્તિમ વિકાસ પણ હોવો જોઈએ. એ હિસાબે જ્ઞાનાદિ ચારે ગુણોની પ્રકર્ષતા અર્થાત સંપૂર્ણતાનો પણ ભાસ થઈ શકે છે.

**આત્માને આવરતી શકિત :**

વાદળ ઘટાથી આચ્છાદિત બની જતા સૂર્યના તેજની ન્યૂનાધિકતા, આચ્છાદક એવા વાદળના સમૂહને અનુરૂપ હોય છે. વાદળ ઘટા વધારે તેમ સૂર્યનું તેજ ઓછું, અને વાદળ ઘટા ઓછી તેમ તેજનું પ્રમાણ વધુ હોય છે અને વાદળઘટા સર્વ વિખરાઈ ગયેથી સૂર્યનું તેજ બિલકુલ આચ્છાદન રહિત સંપૂર્ણપણે પ્રગટે છે. અહીં વાદળની આચ્છાદિતતાની અવસ્થામાં કંઈ સૂર્યનું તેજ નષ્ટ થઈ જતું નથી અને વાદળ ઘટા બિલકુલ વિખરાઈ જતાં કંઈ તે તેજ નવું ઉત્પન્ન થતું નથી કે બહારથી આવતું નથી. પરંતુ વાદળ ઘટા વખતે તે તેજ આચ્છાદિત (ઢંકાઈ જવાપણે) રૂપમાં વર્તે છે અને ઘટા બિલકુલ વિખરાઈ જતાં તે તેજ પ્રગટ થઈ પૂર્ણ સ્વરૂપે પ્રકાશે છે. એ રીતે આત્માના જ્ઞાનાદિ ચાર ગુણો અને તેના આચ્છાદક તત્ત્વ, કર્મ અંગે સમજવું.

**કર્મના મુખ્ય બે ભેદ:**

જીવના પારમાર્થિક યા સ્વાભાવિક સ્વરૂપ જ્ઞાનાદિ ચાર આત્મિક ગુણને આચ્છાદિત બનાવી રાખનાર કર્મને જૈનદર્શનમાં ઘાતી કર્મ તરીકે ઓળખાવ્યા છે અને જીવની વ્યાવહારિક યા દશ્યમાન અવસ્થાની અનુકૂળતા તથા પ્રતિકૂળતા સર્જક કર્મને અઘાતી કર્મ તરીકે ઓળખાવ્યા છે. ઘાતી કર્મો આત્મિક ગુણોનું આચ્છાદન કરે છે. જ્યારે અઘાતી કર્મોથી તે જીવ મનુષ્ય, દેવ, જાનવર અને નરકના ભવનું, આયુષ્યનું, શારીરિક સુખ-દુઃખનું અને ગોત્ર વગેરેનું સર્જન થાય છે. આત્માના જ્ઞાન-દર્શન, ચારિત્ર અને વીર્યગુણના આચ્છાદક એવા ઘાતી કર્મનાં નામો અનુક્રમે : (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) મોહનીય અને (૪) અંતરાય. જીવને ભય-જીવન-મર્યાદા સુખ-દુઃખ અને ગોત્રના સંયોગો પ્રાપ્ત કરાવનારા અઘાતી કર્મોનાં નામ અનુક્રમે: (૧) નામ કર્મ (૨) આયુ કર્મ (૩) વેદનીય કર્મ અને (૪) ગોત્ર કર્મ છે. અઘાતી કર્મોનું કામ જીવને ગતિ આદિ બાહ્ય સંયોગોની અનુકૂળતા પ્રતિકૂળતાને પ્રાપ્ત કરાવવાનું છે. જ્યારે ઘાતી કર્મોનું કામ આત્મિક ગુણોને આચ્છાદન કરવાનું છે.

અઘાતી કર્મના કારણે પ્રાપ્ત, ભવ-આયુ આદિ સંયોગિક છે અશાશ્વત છે, નાશવંત છે. આત્માની સ્વાભાવિક, અસલી અને સ્વ-માલિકીની ચીજ નથી. બહારથી આવેલ છે. અસલી ચીજ તે આત્માની અક્ષય સ્થિતિ આવ્યા બાદ અરૂપીપણુ અને અગુરુલઘુ પણું છે. જીવને શાશ્વત શાંતિની પ્રાપ્તિ તો ઉપરોકત ચાર અવસ્થામાં જ છે. એ અવસ્થા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જીવને મનુષ્યાદિ ભવમાં, તે ભવની સ્થિતિની મર્યાદામાં, શારીરિક સુખદુઃખના સંયોગોમાં અને વિવિધ અવસ્થામાં ભટકતા જ રહેવાનું છે. ક્યાંય કાયમી વસવાટ નથી. ફેરબદલો કરતા જ રહેવાનું છે. આવી અસ્થાયી સ્થિતિનો સદાના માટે છૂટકારો તો અઘાતી કર્મના સંબંધથી સર્વથા મુકત બનવામાં જ છે. પરંતુ તે છૂટકારો પ્રથમ તો ઘાતી કર્મના છૂટકારાથી જ થાય છે અને ઘાતી કર્મનો છૂટકારો તો અઘાતી કર્મનો સંબંધથી - સર્વથા મુકત બનવામાં જ છે. પરંતુ તે છૂટકારો પ્રથમ તો ઘાતી કર્મના છૂટકારાથી જ થાય છે અને ઘાતી કર્મનો છૂટકારો ચાર ઘાતી કર્મો પૈકીના મોહનીય કર્મના છૂટકારાથી જ થાય છે.

**અંધકારમાંથી પ્રકાશ તરફ--ગુણસ્થાનક :**

મોહનીય કર્મની વિવિધ અવસ્થાના સંબંધથી અમુક ક્રમે ક્રમે સર્વથા છૂટવા માટે આત્માના થતા પ્રયત્નથી પ્રાપ્ત દશાને જૈન-દર્શનમાં ગુણસ્થાનક તરીકે ઓળખાવી છે. કઈ દશામાં-ગુણસ્થાનકમાં કર્મનો બંધ-ઉદય-ઉદીરણા અને સત્તા સ્વરૂપ સંબંધ આત્માને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવો બની રહે છે અને અન્તે ગુણસ્થાનકમાં આગળ વધતાં મોહનીય કર્મનો સર્વ પ્રકારનો સંબંધ, આત્મામાંથી હંમેશના માટે કેવી રીતે વિલીન બને છે– ત્યાર બાદ અલ્પ સમયમાં જ શેષ ત્રણ ઘાતી કર્મ આત્મામાંથી સર્વથા નષ્ટ કેવી રીતે બને છે અને અન્તે અઘાતી કર્મો સ્વયં કેવી રીતે છૂટી જવાથી આત્મા અજર અમર સ્થાનને કેવી રીતે પ્રાપ્ત કરે છે– આ બધી હકીકત સ્પષ્ટ અને હૃદયગમ્ય રીતે જૈનદર્શનના કર્મશાસ્ત્રમાં જાણવા મળે છે.

**કર્મ–વર્ગણા :**

જૈનદર્શનમાં કર્મવિષયની રસપ્રદ હકીકતો દર્શાવવા ઉપરાંત કર્મવર્ગણાને અમુક સમય સુધી ઉપશાન્ત બનાવી રાખવા રૂપ ઉપશમ શ્રેણિનું તથા તે વર્ગણાને આમૂલચૂલ ઉખેડી નાખવાની પયિા સ્વરૂપ ક્ષપક શ્રેણિનું સ્વરૂપ એટલી સુંદર શૈલીએ સમજાવ્યું છે કે ભલભલા વૈજ્ઞાનિકોની બુદ્ધિ પણ ચક્કરમાં પડી જાય. આ ઉપશમ શ્રેણી અને ક્ષપક શ્રેણિમાં આત્મ શકિત કેવું કામ કરે છે, કર્મવર્ગણાના પુદ્ગલોની તાકાત કેવી હતપ્રાય: બની જાય છે અને અન્તે આત્મશકિતની પૂર્ણતાની ઉજજ્વલ જ્યોત કેવી રીતે પ્રગટે છે તે બધી હકીકત સમજનાર બુદ્ધિશાળી મનુષ્યોનું મસ્તક આ વિષયના પ્રરૂપક સર્વજ્ઞ ભગવંતો પ્રત્યે સહેજે ઝૂકી જાય છે. અને જૈન દર્શન કથિત કર્મવાદની મહત્તા સ્વહૃદયમાં અંકિત બને છે.

**કર્મના પરિણામોનું મુખ્ય વર્ગીકરણ :**

પ્રત્યેક સંસારી આત્મા સાથે લોહાગ્નિવત્ યા ક્ષીરનીરવત્ સંલગ્ન બની રહેલ વિવિધ કર્મનું અસ્તિત્વ જીવને વિપાક દર્શાવવામાં એક સરખા સ્વભાવવાળું નહીં હોવાના કારણે તેની વિવિધતાને અનુલક્ષીને તેના મૂળ આઠ ભેદ અને ઉત્તર ૧૫૮ ભેદ દ્વારા કરેલું વર્ગીકરણ એટલું બધું સુંદર છે, કે તેના દ્વારા સંસારી આત્માની અનુભવસિદ્ધ ભિન્ન ભિન્ન અવસ્થાઓનો ખુલાસો જૈનદર્શનમાં બતાવેલ કર્મતત્ત્વના આ વિજ્ઞાન દ્વારા સરળતાથી થઈ શકે છે. આ બધા ભેદો: (૧) પુન્ય અને (૨) પાપ; એમ બે વિભાગમાં પણ સમાઈ જાય છે.

**નવ તત્ત્વ:**

કર્મવર્ગણાથી થતી આત્માની અનર્થતાને અનુલક્ષીને જ જૈનદર્શનમાં નવ તત્ત્વનું સુંદર આયોજન છે. આ નવ તત્ત્વનું જ્ઞાન જ માનવમાં માનવતા સર્જે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ જે કોઈ મહાપુરુષો થઈ ગયા છે, તે સર્વે આ નવ તત્ત્વમાં હેય–જ્ઞેય અને ઉપાદેયના વિવેકી બનવાથી જ આત્મ–સિદ્ધિને પ્રાપ્ત કરી શકયા છે. આ નવ તત્ત્વનો વિષય, ચેતન અને જડ પદાર્થ સંબંધી જ જડ પદાર્થમાં પણ મુખ્યતા તો કર્મવર્ગણા અંગેની જ છે.

જૈન દર્શનના પ્રકાશક વીતરાગ બનેલ સર્વજ્ઞ મહાપુરુષોએ વિશ્વના પ્રાણીઓ સમક્ષ રજૂ કર્યું છે કે આ વિશ્વમાં એવા પણ કર્મવર્ગણાના પુદ્ગલો (અણુસમૂહો) નું અસ્તિત્વ વર્તી રહ્યું છે છે કે જેણે **સંસારી આત્માઓની અનંત** શકિતને આવરી લીધી છે. **અનંત સુખનો** ઝરો પોતાના આત્મામાં જ નિરંતર સ્થાયી હોવા છતાં એ પૌદ્ગલીક રજકણોના સંબંધથી પરાધીન બનેલા આત્માને પોતાનું સ્વતંત્ર સુખ ભૂલાઈ ગયું છે. અને પૌદ્ગલીક સુખે જ સુખી થવાની ઘેલછાવાળો બની રહ્યો છે. આ રજકણો અતિ સૂક્ષ્મ છે અને દષ્ટિગોચર થઈ શકે તેવા નથી. એટલે વૈજ્ઞાનિકોએ માની લીધેલ અણુ કરતાં પણ અત્યંત સુક્ષ્મ એવો આ રજકણ સમૂહ મહાશકિતવંત હોય તેમાં શું આશ્ચર્ય ?

**કર્મની આવરક શકિત – પ્રભાવ અને તેની રોક :**

**આ રજકણ સમૂહમાંથી તૈયાર થતું તત્ત્વ, તેને જ કર્મ કહેવાય છે.** જેમ ઔષધની ગોળી માણસના શરીરની અંદર જઈને મહત્ત્વનું કાર્ય કરે છે, તેમ આ રજકણો પણ જીવમાં પ્રવેશીને એના ઉપર અનેક પ્રકારની અસર કરે છે. જીવની સર્વજ્ઞતાને અને સર્વશકિતમત્તા ઢાંકી દે છે અને તેથી એનામાં (જીવમાં) માત્ર પરિમિત જ્ઞાન અને પરિમિત શકિત રહે છે એ એને દુઃખ આપે છે. તેથી જીવના સ્વાભાવિક ભાવનો - અવસ્થાનો એટલા અંશે સ્વાસ્થ્યનો નાશ થાય છે. જીવ એ અસ્થિર શરીરો વીંટાળે છે. એને જિંદગી અને મોહ આપે છે અને એનું પ્રારબ્ધ બંધાવે છે કે પછી અમુક સમય સુધી એ જીવે માણસ, તિર્યંચ, સ્વર્ગવાસી કે નરકવાસી એ ચારમાંની કોઈ પણ યોનિમાં અવતરવું પડે છે. આ રીતે આ પુદ્ગલ (મેટર) અણુસમૂહો જીવમાં પ્રવેશીને બધાં પ્રાણીના જન્મ અને અસ્તિત્વ માટે ભારતના બધાં તત્ત્વદર્શનોએ સ્વીકારેલું એવું એક ગૂઢ તત્ત્વ -કર્મ તૈયાર કરે છે. આ કર્મ સંબંધથી જ જીવની ઉપરોકત સ્થિતિઓ સર્જાય છે.

આ કર્મસ્વરૂપે પરિણામ પામતાં રજકણ–સમૂહો જીવમાં પ્રવેશ્યા પહેલાં કઈ જાતના પુદ્ગલમાંથી તૈયાર થાય છે, કોણ તૈયાર કરે છે, શા માટે તૈયાર કરે છે, જીવમાં પ્રવેશ્યા પહેલાં તેનું અસ્તિત્વ કયાં અને કેટલી જગ્યા પ્રમાણ છે, આવા સૂક્ષ્મ સ્વરૂપે અસ્તિત્વ ધરાવતાં અન્ય રજકણસમૂહનું અસ્તિત્વ બ્રહ્માંડમાં કેવા કેવા સ્વરૂપે અને કેવા કેવા કાર્યમાં ઉપયોગી બની શકવાની યોગ્યતાવાળું છે; કેવા પ્રકારનું કર્મ, વધુમાં વધુ અને ઓછામાં ઓછો કેટલો સમય આત્માની સાથે ટકી શકે? કર્મ સ્વરૂપે આત્મામાં સંબંધિત બન્યા પછી તે કેટલા સમય સુધી તેને વિપાક દેવામાં અસમર્થ રહી શકે, વિપાકના નિયત સમયમાં પણ પલટો થઈ શકે કે કેમ, કઈ જાતના આત્મ પરિણામથી આવો પલટો થઈ શકે, બંધ સમયે વિવક્ષિત કર્મમાં જે સ્વભાવનું નિર્માણ થયું હોય તે સ્વભાવનો પણ પલટો વિપાક સમયે થઈ શકે કે કેમ, સ્વભાવ પલટો થઈ શકતો હોય તો કેવી રીતે થઈ શકે, કર્મનો વિપાક રોકી શકાય કે કેમ, રોકી શકાતો હોય તો કેવા આત્મ-પરિણામથી રોકી શકાય, દરેક પ્રકારના કર્મનો વિપાક રોકી શકાય કે અમુકનો જ ? જીવ, પોતાની વીર્યશકિતના આવિર્ભાવ દ્વારા સૂક્ષ્મ અણુસમૂહરૂપ કર્મને આત્મ–પ્રદેશ પરથી ઉઠાવીને કેવી રીતે ફેંકી શકે, આત્મા પોતાનામાં વર્તમાન પરમાત્મભાવને દેખવા માટે જ્યારે ઉત્સુક બને છે, તે સમયે આત્મા અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મ વચ્ચે કેવું યુદ્ધ જામે છે. છેવટે અનંત શકિતવંત આત્મા કેવા પ્રકારનાં પરિણામોથી બળવાન કર્મોને કમજોર બનાવી પોતાના પ્રગતિ માર્ગને નિષ્કંટક બનાવે છે, કયારેક કયારેક પ્રગતિશીલ આત્માને પણ કર્મ કેવી રીતે નીચે પટકી દે છે, કયા કર્મનો બંધ, ઉદય કઈ અવસ્થામાં અવશ્યંભાવી, અને કઈ અવસ્થામાં અનિયત છે, આત્માના અનંત જ્ઞાનાદિ ચતુષ્ક ગુણોના આચ્છાદક કર્મને કયા ક્રમથી હટાવી શકાય, જીવ કર્મફળ સ્વયં ભોગવે છે કે ઈશ્વરાદિ અન્ય કોઈની પ્રેરણાથી, સર્વથા કર્મ સંબંધથી સદાના માટે રહિત આત્માઓ કરતાં અન્ય કંઈ પણ વિશેષતાવાળી અન્ય કોઈ વ્યકિત હોઈ શકે ખરી ? હોઈ શકતી ન હોય તો નહિ હોવાનું કારણ શું ? એક જીવે બાંધેલ કર્મ અન્ય જીવ દ્વારા નષ્ટ થઈ શકે ખરાં ? ઈત્યાદિ સંખ્યાતીત પ્રશ્નોનું સંતોષકારક બુદ્ધિગમ્ય સુખદ સમાધાન તથા શરીર–વિચાર અને વાણીના નિર્માણમાં કેવા પ્રકારની આકર્ષણ શકિતથી તેને યોગ્ય અણુસમૂહો ખેંચાય છે ? આકર્ષિત તે અણુસમૂહોમાંથી યથાયોગ્ય થતી રચનામાં જીવ પ્રયત્ન અને પ્રયત્નશીલ બની રહેલ તે જીવનાં કર્મો કેવી રીતે ભાગ ભજવે છે ? પ્રાણી માત્રની શરીર રચના, વિવિધ ચૈતન્યશકિત, પ્રાણીઓમાં વર્તતી રાગ–દ્વેષની અનેકવિધ વિચિત્રતા, ઈન્દ્રિયોની ન્યૂનાધિકતા, ઈન્દ્રિયો આદિ સંયોગો હોવા છતાં બુદ્ધિમાં વિવિધતા, સાંસારિક સુખ-દુઃખનાં સંયોગોની અનુકૂળતા, આત્મબળની હાનિ-વૃદ્ધિ વિગેરે અનેક વિચિત્રતા, કર્મસમૂહને હટાવવા જૈન ધર્મના આરાધકોમાં કરાતી બાહ્ય ક્રિયાઓની મહત્તા, આવી અનેક બાબતોનો હૃદયગમ્ય ખુલાસો જૈનદર્શન–કથિત કર્મ વિજ્ઞાન દ્વારા જ મળી શકશે.

**જૈન દર્શનમાં કર્મવાદનું સ્થાન:**

કેટલાક લોકો એવી માન્યતા ધરાવે છે કે જૈનદર્શન તો માત્ર કર્મવાદી જ છે. પરંતુ માત્ર કર્મવાદી જ છે, એમ માની લેવું તે ભૂલ ભરેલું છે. કેમ કે કાર્યની ઉત્પત્તિમાં જૈનદર્શન એકલા કર્મને જ કારણ માનનાર નથી પરંતુ કાળ, સ્વભાવ, નિયતિ, પ્રારબ્ધ અને પુરુષાર્થ એ પાંચે સમવાયી કારણોને માનનાર અનેકાન્તવાદી દર્શન છે. આમ છતાં કેટલાકને આવી ભ્રામક માન્યતા ઉદ્‌ભવવાનું મુખ્ય કારણ એ છે, કે ઉપરોકત પાંચ કારણો પૈકી કર્મનું સ્વરૂપ, શેષ ચાર કારણો કરતાં અતિ વિશાળ રૂપે જૈન શાસ્ત્રમાં વર્ણવાયેલું જોવામાં આવે છે અથવા પ્રચલીત છે.

**કર્મવાદની સિમિત જાણકારી:**

વર્તમાન જૈન આગમોમાં તો કર્મવાદનું સ્વરૂપ અમુક પ્રમાણમાં જ વર્ણવેલ છે. કર્મવાદનું મૂળ તો જૈનદર્શનમાં, લુપ્ત થયેલ દષ્ટિવાદ નામના બારમા અંગના ચૌદ પૂર્વવાળા ચોથા પૂર્વમાં છે. તેમાં કર્મપ્રવાદ નામનું એક આખું પૂર્વ છે. આ પૂર્વ પણ લુપ્ત થયેલ છે. પરંતુ તેમાંના કેટલાક વિચારો પરંપરાએ ઊતરી આવેલ છે અને સંઘરાઈ રહ્યા છે. ઉપરોકત શાસ્ત્રના આધારે પૂર્વાચાર્યોએ નિર્માણ કરેલ કર્મવાદના સાહિત્ય દ્વારા આજે પણ કર્મવાદનું સ્વરૂપ સંપૂર્ણપણે તો નહિ, પણ અમુક અંશે તો જાણી સમજી શકાય છે. વર્તમાન કાળે આ રીતે અમુક અંશે વિદ્યમાન એવો કર્મવાદ અત્યંત વિશાળ બુદ્ધિગમ્ય અને હૃદયસ્પર્શી છે.

કર્મ, સત્તા ઉપર વિજય મેળવીને જીવે પરમાત્મ પદ પ્રાપ્ત કરવા માટે ધર્મતત્ત્વની અદ્‌ભુત શકિતઓનો ઉપયોગ કેવી રીતે કરવો જોઈએ. તેનું સચોટ પ્રતિપાદન જૈનદર્શનમાં સરળ અને સુંદર રીતે સમજી શકાય તેવી રીતે કરવામાં આવ્યું છે. એટલું જ નહિ પરંતુ દશ્ય જગતની રચના કોણ કરે છે? કેવી રીતે કરે છે? શા માટે કરે છે? તે સંબંધી વાસ્તવિક હકીકત પણ જૈન દર્શન-કથિત આ કર્મવાદ ઉપરથી વાસ્તવિક રીતે સમજી શકાય છે.

☆ ☆ ☆





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org